SHABDBRAHM E-ISSN: 3049 4230
VOLUME 1, ISSUE 2, OCTOBER 2025

# ભારતના વિલીનીકરણમાં સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકા

ડો.જગદીશભાઈ આર મહિડા
ઇન્ચાર્જ આચાર્ય
એસ. યુ. જી. કૉલેજ ઓફ એજ્યુકેશન,વાસણા અમદાવાદ

**પ્રસ્તાવના ;**

ભારતના ઇતિહાસમાં દેશી રજવાડાંના એકીકરણમાં સરદાર વલ્લભભાઈ પટેલનું સ્થાન પ્રથમ શ્રેણીના વીર પુરુષનું છે. આઝાદી બાદ એમણે દેશના વહીવટી તંત્રને જવાબદાર અને સુદ્રઢ બનાવ્યું. એમની દેશી રાજ્યોના વિલીનીકરણની સિદ્ધિ જગતના ઇતિહાસમાં અજોડ રહેશે. સરદાર વલ્લભભાઈ પટેલ જેવા ક્રાંતિકારી એવા જ સમર્થ શિલ્પકાર હતા. તેમણે રાષ્ટ્રના ઘડતર માટે અનેક કાર્યો કર્યા અને ભારતનું વિભાજન થયા બાદ **562** જેટલા દેશી રાજ્યો હિન્દ સંઘમાં ભેળવી અખંડ ભારતની રચના કરી હતી. તેમના સ્પષ્ટ દ્રષ્ટિકોણ અને ચતુર નેતૃત્વએ દેશના વિવિધ પ્રદેશોને એક કરીને આધુનિક અને એકીકૃત ભારતનું નિર્માણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. પરિણામે તેમને 'લોખંડી પુરુષ' અને આધુનિક ભારતના 'બિસ્માર્ક ' ની ઉપાધિ મળી. જ્યારે લોકો ઘણીવાર તેમની તુલના જર્મનીને એક કરનાર નેતા બિસ્માર્ક સાથે કરતા હતા ત્યારે પટેલનો અભિગમ ખૂબજ અલગ હતો. સરદાર વલ્લભભાઈ પટેલ તેમની નમ્રતા, મનાવવાની ક્ષમતા અને લોકશાહી પ્રત્યે સમર્પણ માટે જાણીતા હતા. તેમના મજબૂત નિશ્ચય અને રાજકીય કુશળતાથી તેમણે રજવાડાંઓને તેમના શાસકોથી દૂર કર્યા વિના ભારતીય રાજ્યમાં એક કર્યા. અમુક મુદ્દાઓ પર જવાહરલાલ નેહરુ સાથે તેમના મતભેદ હોવા છતાં નેહરુએ પટેલને નવા ભારતના નિર્માણ અને મજબૂતીકરણ માટે જવાબદાર વ્યક્તિ તરીકે ઓળખાવ્યા. લોર્ડ માઉન્ટબેટને પણ સરદાર વલ્લભભાઈ પટેલની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

**રજવાડાંઓનું એકીકરણ**

ભારતીય સંઘમાં રજવાડાંઓનું એકીકરણ અનેક પરિબળોને કારણે જરૂરી બન્યું હતું. જે નીચે મુજબ છે :

- આ રાજ્યોના રહેવાસીઓએ તેમના શાસકો દ્વારા સરમુખત્યારશાહી શાસન સહન કર્યું, જેઓ તેમની પ્રજા પ્રત્યે જવાબદાર ન હતા અને ઘણીવાર પોતાની વૈભવી જીવનશૈલીના અનુસંધાનમાં લોકોના કલ્યાણની અવગણના કરતા હતા.
- મોટા ભાગના પાસે જનતાની ચિંતાઓ વ્યક્ત કરવા માટે પ્રતિનિધિ સંસ્થાઓનો અભાવ હતો.
- આ પ્રદેશોમાં કાયદો અને વ્યવસ્થા ઘણીવાર નબળી હતી.

SHABDBRAHM

- આ રાજ્યો તેમના નાગરિકોના જીવનને સુધારવાના હેતુથી વિકાસ અને કલ્યાણકારી પ્રોજેક્ટ્સ માટે મર્યાદિત નાણાંકીય સંસાધનો સાથે સંઘર્ષ કરતા હતા.
- તેમના અસ્તિત્વથી ભારતના ભૌગોલિક અને આર્થિક સંકલનમાં અવરોધ ઊભો થયો, આર્થિક વિકાસ અને માળખાગત વિસ્તરણમાં અવરોધ ઊભો થયો.
- તેઓએ નોંધપાત્ર સુરક્ષા જોખમો ઊભા કર્યા, કારણકે જો તેઓ ભારતીય અધિકારીઓ દ્વારા સંચાલિત ન હોય તો તેઓ ભારત વિરોધી પ્રવૃત્તિઓ માટે સલામત આશ્રયસ્થાનો તરીકે સેવા આપી શકે છે.
- શાસકોની પ્રાદેશિક વફાદારી એક મજબૂત અને એકીકૃત ભારતીય રાષ્ટ્રની સ્થાપનામાં અવરોધ ઊભો કરતી હતી.

"ભારતીય સ્વતંત્રતા અધિનિયમ, **1947** હેઠળ, રજવાડાંઓ પર બ્રિટિશ સર્વોચ્ચતા સમાપ્ત થઈ ગઈ હતી. તેનો અર્થ એ થયો કે રજવાડાં હવે ભારત અથવા પાકિસ્તાનમાં જોડાવા અથવા સ્વતંત્ર રહેવા માટે સ્વતંત્ર હતા. પોતાની મરજીથી કાર્ય કરવાની આ સ્વતંત્રતાને કારણે ઘણા રજવાડાંઓએ પોતાનો સ્વતંત્ર દરજ્જો પસંદ કર્યો અથવા કેટલાક કિસ્સાઓમાં, પાકિસ્તાનમાં જોડાવાનું પસંદ કર્યું. આ બંને સ્થિતિઓ સરદાર પટેલને સ્પષ્ટ કારણોસર અસ્વીકાર્ય હતી. સ્વતંત્ર રહેવાથી ભારત માટે વિકાસ, આંતરિક સુરક્ષાની સમસ્યાઓ ઊભી થશે, પરંતુ તેમનું પાકિસ્તાનમાં જવાનું ગંભીર પરિણામોથી ભરપૂર હતું.

**સરદાર વલ્લભભાઈ પટેલનો એકીકરણનો અભિગમ:**

રજવાડાંઓના મુદ્દાને ઉકેલવા માટે પટેલે સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ તરીકે ઓળખાતા એક સમર્પિત વિભાગની સ્થાપના કરી, જેમાં શ્રી વી. પી. મેનન તેના સચિવ હતા. સરદાર વલ્લભભાઈ પટેલનો મુખ્ય અભિગમ સમજાવટનો હતો, અને તેમણે રજવાડાંના શાસકોને એકીકરણ માટે વિચાર કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે આનો ઉપયોગ તેમના પ્રાથમિક સાધન તરીકે કર્યો. તેમની અસાધારણ રાજનીતિ અને રાજદ્વારી કુશળતા દ્વાર તેમણે શાસકો સાથે સંવાદો અને વાટાઘાટોમાં ભાગ લીધો, જેનો હેતુ તેમને ખાતરી આપવાનો હતો કે એકીકરણ તેમના શ્રેષ્ઠ હિતમાં છે. એકીકરણ પર મક્કમ વલણ જાળવી રાખતા, તેમણે શાસકો સમક્ષ તેને સૌથી વ્યવહારુ પસંદગી તરીકે પણ રજૂ કર્યો. તેમણે તેમને વિલીનીકરણ પછીના તેમના સુરક્ષિત ભવિષ્ય વિશે ખાતરી આપી અને સ્પષ્ટ પણે જણાવ્યું કે તેમનું હિત તેમની વ્યક્તિગત સંપત્તિ કરતાં તેમના રાજ્યોમાં છે. નાણાંકીય સહાય (સાલિયાણું) પૂરી પાડવા માટે પણ રજૂઆત કરી હતી. જોકે બધાં રજવાડાંના શાસકોએ સરદાર વલ્લભભાઈ પટેલના વિઝનનું પાલન કર્યું નહીં. કેટલાક સ્વતંત્ર રહેવાની ઇચ્છા રાખતા હતા, જ્યારે કેટલાક સંભવિત વિલીનીકરણ માટે પાકિસ્તાન સાથે જોડાવા માંગતા હતા. ઉદા. તરીકે, કાશ્મીરના

રાજા હરિસિંહ એકીકરણ અંગે અનિર્ણાયક રહ્યા. સરદાર વલ્લભભાઈ પટેલે આ અસહયોગી રાજ્યો સાથે દૃઢ અભિગમ અપનાવ્યો. જૂનાગઢના કિસ્સામાં જ્યારે નવાબે પાકિસ્તાન અને તેમના સલાહકારોથી પ્રભાવિત થઈને ભારતમાં વિલયનો પ્રતિકાર કર્યો ત્યારે તેમણે પોલીસ કાર્યવાહીનો આદેશ આપ્યો. ત્યારબાદ નવાબ પાકિસ્તાન ભાગી ગયા. હૈદરાબાદના નિઝામે પણ સ્વતંત્રતા જાળવી રાખવા અને તેમના રાજ્યમાં વધારાના પ્રદેશોનો સમાવેશ કરીને પોતાનો પ્રદેશ વિસ્તારવાની ઇચ્છા રાખી. તેમણે રઝાકાર નામના લશ્કરની સ્થાપના કરી, જેણે હૈદરાબાદમાં સાંપ્રદાયિક હિંસા ભડકાવી. સરદાર વલ્લભભાઈ પટેલે વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા અને એકીકરણ સુનિશ્ચિત કરવા માટે ભારતીય દળો મોકલીને ઝડપથી પ્રતિક્રિયા આપી. નિઝામે આખરે ભારત સાથે જોડાણના દસ્તાવેજ પર હસ્તાક્ષર કરવા સંમતિ આપી. જોકે સરદાર વલ્લભભાઈ પટેલ કાશ્મીર મુદ્દાને સંભાળવા માટે સીધા જવાબદાર ન હતા, તેમના પરોક્ષ યોગદાનથી તેના એકીકરણમાં મદદ મળી.

બ્રિટનની સાર્વભૌમ સત્તા દૂર થતાં જ હિંદના તમામ દેશી રાજ્યો જૂના કરારમાંથી મુક્ત થયા અને સરદાર વલ્લભભાઈ પટેલની અસાધારણ સમયસૂચકતાને કારણે મોટા રાજાઓનો વિરોધ હોવા છતાં **40** જેટલા મોટા રાજ્યો અને **400** જેટલાં નાનાં રાજ્યોના પ્રતિનિધિઓ તારીખ **14** મી જુલાઇની બંધારણ સભાની બેઠકમાં હાજર રહ્યા હતા.

બ્રિટિશ હિંદની સત્તા હાથમાં આવતા દેશી રજવાડાંનો સવાલ ઉકેલવાનો વર્ષો પહેલાં કરેલી ભવિષ્યવાણી સાચી કરવાનો દિવસ આવી પહોંચ્યો હતો. શ્રી વી.પી. મેનનની નોકરીની મુદત પૂરી થતી હતી તેમની નિવૃત્તિ લેવાની ઇચ્છા હતી તેથી સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું 'તમારાથી હમણાં છૂટા ન થવાય, હવે દેશની સેવા કરવાનો ખરો સમય આવ્યો છે'.આવી કટોકટીના સમયે આરામની વાત ન કરાય, ભરદરિયામાં જોખમમાં સપડાયેલું આપણું વહાણ સલામત રીતે કિનારે લઈ જવાના કામમાં તમારી જરૂર છે.

સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રધાન તરીકે સરદાર વલ્લભભાઈ પટેલે રાજાઓને ઉદ્દેશીને એક નિવેદન બહાર પાડ્યું એ નિવેદન દરેક રાજાઓને મોકલવામાં આવ્યું અને રાજાઓને પોતાની માતૃભૂમિ પ્રત્યે વફાદારી બતાવી આપવાની હાર્દિક અપીલ કરવામાં આવી. અંગ્રેજોએ જ્યારે ભારતમાં પોતાનું શાસન સ્થાપ્યું ત્યારે તેમણે સર્વોપરિતાનો સિદ્ધાંત અમલમાં મૂક્યો પણ તેનો અમલ સહકાર કરતાં વધુ તો તાબેદારીઓને ધોરણે કરવામાં આવ્યો છે. હવે જ્યારે અંગ્રેજ શાસનનો અંત આવી રહ્યો છે ત્યારે દેશી રાજ્યોને તેમની સ્વતંત્રતા પાછી મળવી જોઈએ એવી માંગણી થઈ છે. દેશી રાજ્યોમાંથી ઘણી મોટી સંખ્યાના રાજ્યો બંધારણ સભામાં જોડાયા નથી તેમને હું જોડાવાની અપીલ કરું છું, જેમાં દેશનું સર્વ સામાન્ય હિત સમાયેલું છે એવી આ ત્રણ બાબતો પરત્વે સંઘમાં જોડાવાથી વિશેષ અમે તેમની પાસેથી કશું જ માગતા નથી.

SHABDBRAHM

આ દેશની સંસ્કૃતિ અને તેના વ્યક્તિત્વમાં એ બધા જ લોકો સમાન અંશે સહભાગી બને છે આથી આપણે અજાણ્યાઓ સાથે સંધિ કરવા કરતાં મિત્રો તરીકે સાથે બેસીને કાયદા ઘડીએ તે આપણે માટે વધુ સારું છે. આપણી માતૃભૂમિ પ્રત્યે વફાદારી સાથે આપણા સૌના હિત ખાતર મૈત્રી અને સહકારની ભાવના પૂર્વક આપણા સંયુક્ત પુરુષાર્થોમાં જોડાવવા માટે આમંત્રણ આપું છું.

**સૌરાષ્ટ્ર** :

દેશના ભાગલા પડ્યા તે વખતથી જ સરદારે રાજાઓ સાથે સંબંધ બાંધવાનું શરૂ કરી દીધું હતું. બીજી બાજુ જામસાહેબ સૌરાષ્ટ્રના કેટલાંક નાના મોટા રજવાડાંઓનું જૂથ રચવા માંગતા હતા. સરદાર વલ્લભભાઈ પટેલને પણ આવા જૂથની રચના પસંદ ન હતી આખરે જામસાહેબ અને ભાવનગરના મહારાજ સમજી શક્યા કે ગમે તેવાના હાથમાં રાજ્ય સોંપવા કરતાં સરદાર વલ્લભભાઈ પટેલના હાથમાં સોંપવામાં રાજા અને પ્રજા બંનેની સલામતી છે.જવાબદાર રાજતંત્ર રચવાની પ્રજાની માંગ થવા લાગી. પ્રજાની માંગણીને ભાવનગરના મહારાજાએ વધાવી લીધી. તેઓ સામે ચાલીને ગાંધીજી પાસે દિલ્હી માર્ગદર્શન મેળવવા ગયા. ગાંધીજીએ તેમને શાંતિથી સાંભળ્યા પછી સરદાર વલ્લભભાઈ પટેલ પાસે મોકલ્યા. સરદાર વલ્લભભાઈ પટેલના આશીર્વાદ સાથે ભાવનગરનું પ્રધાન મંડળ રચાયું. કાઠીયાવાડના બધાં રાજ્યો પર ભાવનગરના આ પગલાંની સારી અસર થઈ. ખૂબ ચર્ચા વિચારણાને અંતે કાઠિયાવાડના મોટાભાગના રાજાઓ ખુશીથી હિન્દ સંઘમાં જોડાયા.

**જૂનાગઢ**:

જૂનાગઢ કાઠીયાવાડનું સૌથી મોટું દેશી રાજ્ય હતું. ત્યાં પાંચેક સદીથી મુસ્લિમ શાસકો રાજ્ય કરતા હતા. અમદાવાદના સુલતાન મહંમદ બેગડાએ રા-માંડલિક પાસેથી જૂનાગઢ જીતી લીધું. જૂનાગઢમાં ઇ.સ. 1947 સુધી બાબીઓનો વંશ વેલો ચાલ્યો. છેલ્લા બાબી શાસક નવાબ મહોબતખાન હતા. તેઓ પશુપાલનના શોખીન હતા. ઝીણાની એવી સલાહ હતી કે નવાબ ગમે તે રીતે 15 મી ઓગસ્ટ સુધી જોડાણથી દૂર રહે. હકીકતમાં જૂનાગઢે દરિયાઈ માર્ગે અને જમીન માર્ગે પાકિસ્તાન સાથે જોડાણ કર્યું ત્યારે એક લાખ જેટલા લોકો જૂનાગઢ છોડી ગયા હતા. આખા કાઠિયાવાડમાં અશાંતિ ઊભી થવાનો ભય હતો નવાબને પણ પોતાની જિંદગી ખતરામાં છે એવી લાગણી થઈ. તેથી નવાબ લેવાય એટલી માલ મિલક્ત અને કૂતરાઓની ટોળી લઈને પાકિસ્તાન ભેગા થઈ ગયાં. જૂનાગઢના દીવાન ભુટ્ટો પણ પાકિસ્તાન જતા રહ્યા અને 9 નવેમ્બર 1947 ના દિવસે ભારતે જૂનાગઢનો વહીવટ સંભાળી લીધો. પછી ભારત સરકારે પણ સભ્યોની એક કમિટી રચી અને સૌરાષ્ટ્રનું એકીકરણ થતાં જૂનાગઢને સૌરાષ્ટ્રના એકમમાં ભેળવી દેવાનો નિર્ણય થયો.

**કાશ્મીર:**

બ્રિટિશ સરકારે સાર્વભૌમ સત્તા છોડી ત્યારે લોર્ડ માઉન્ટબેટને કાશ્મીરના મહારાજાને હિંદી સંઘ અથવા પાકિસ્તાન બેમાંથી એકની સાથે કાશ્મીરનું જોડાણ કરવાની સલાહ આપી. પણ કાશ્મીરના મહારાજા હરિસિંહજીએ સલાહની અવગણના કરીને સ્વતંત્ર થયું હતું. પાકિસ્તાનને એવી ઈચ્છા હતી કાશ્મીર પોતાની સાથે જોડાય પણ મહારાજાએ પાકિસ્તાન સાથે સ્ટેન્ડસ્ટિલ કરારો કર્યા ખરા પરંતુ જોડાણ ન કર્યું. તેથી પાકિસ્તાને કાશ્મીર સાથે બધા સંપર્કો તોડી નાંખ્યા અને કાશ્મીર જરૂરિયાતની વસ્તુઓ પૂરી પાડવા ભારત સરકારનો સંપર્ક સાધ્યો તેથી પાકિસ્તાન કાશ્મીરની સરહદે હુમલા શરૂ કર્યા. આવી કટોકટીમાં કાશ્મીરના મહારાજાએ સરદારનો સંપર્ક સાધ્યો. શ્રી મેનનને કાશ્મીર મોકલ્યા અને હિન્દ સંઘ સાથેના જોડાણખત ઉપર સહી કરી આપી. પછી કેબિનેટે કશ્મીરની મદદ લશ્કર મોકલવાનો નિર્ણય કર્યો. સરદાર વલ્લભભાઈ પટેલ કાશ્મીરનો પ્રશ્ન રાષ્ટ્રસંઘમાં લઈ જવા માંગતા ન હતા પરંતુ પાકિસ્તાન સાથેના યુદ્ધના ભયથી માઉન્ટબેટન અને પંડિત નહેરુએ કાશ્મીરનો પ્રશ્ન રાષ્ટ્રસંઘ પાસે લઈ ગયા અને કાશ્મીરનો સવાલ હંમેશને માટે ગંભીર શિરદર્દ જેવો બની રહ્યો છે.

**હૈદરાબાદ:**

SHABDBRAHM

બ્રિટિશ સરકારે જાહેર કર્યું કે હિંદના દેશી રાજ્યોએ હિંદ સંઘ કે પાકિસ્તાન બેમાંથી એકની સાથે જોડાવાનું રહેશે. કોઈનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારવામાં નહીં આવે ત્યારે નિઝામ ચિંતામાં પડ્યા. ભૌગોલિક રીતે ચોમેર હિંદ સંઘની સરહદ હતી એટલે તેની સાથે સ્ટેન્ડસ્ટીલના કરાર કર્યા વિના ચાલે તેમ ન હતું. નિઝામ અને હૈદરાબાદના મુસ્લિમ પક્ષો તો પાકિસ્તાન સાથે જોડાવા થનગની રહ્યા હતા.

આવી નાજુક પરિસ્થિતિમાં નવાબના પ્રમુખ પણા નીચે હૈદરાબાદ રાજ્યનું એક પ્રતિનિધિ મંડળ હિંદ સંઘના ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટ બેટનને મળવા પહોંચ્યું. લોર્ડ માઉન્ટબેટન દેશી રાજ્યોના દરેક પ્રશ્નમાં સરદાર વલ્લભભાઈ પટેલની સલાહ લેતા, ઉપરાંત સરદારના મંત્રી શ્રી વી. પી. મેનન સલાહ મસલત વખતે હાજર રહેતાં.નિઝામ સરકારે છેલ્લે હિંદ સંઘ સામે યુનોમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ **23** મી નવેમ્બરે **1949** ના રોજ નિઝામે એક ખાસ ફરમાનથી હૈદરાબાદ રાજ્યને હિંદ સંઘ સાથે જોડાયેલું જાહેર કર્યું. હૈદરાબાદ સમગ્ર દેશને માટે ભારે ચિંતાનો વિષય બન્યું હતું. એમાંથી દેશભરમાં કોમી હુલ્લડો ફાટી નીકળશે એવો ભય સેવવામાં આવતો હતો. પરંતુ ચાર દિવસમાં હૈદરાબાદનો પ્રશ્ન પતિ ગયો અને તેની સફળતા માટે સરદાર વલ્લભભાઈ પટેલ પર અભિનંદનનો વરસાદ વરસ્યો.

**ઉપસંહાર:**

ભારતને 15 ઑગસ્ટ 1947ના રોજ સ્વતંત્રતા પ્રાપ્ત થઈ ત્યારે દેશ સામે સૌથી મોટો અને ગંભીર પ્રશ્ન હતો દેશી રજવાડાંઓનું એકીકરણ. બ્રિટિશ શાસન દરમિયાન ભારતભરમાં આશરે 565 જેટલા દેશી રજવાડાં હતાં. સ્વતંત્રતા પછી આ રજવાડાંઓને ભારત અથવા પાકિસ્તાનમાં જોડાવાનો અથવા સ્વતંત્ર રહેવાનો વિકલ્પ મળ્યો હતો. આવી પરિસ્થિતિમાં ભારતની એકતા અને અખંડિતતા જોખમમાં હતી. આ સંજોગોમાં સરદાર વલ્લભભાઈ પટેલે અદ્વિતીય નેતૃત્વ દ્વારા દેશી રજવાડાંઓના એકીકરણમાં ઐતિહાસિક ભૂમિકા ભજવી કહી શકાય. સરદાર વલ્લભભાઈ પટેલના દૃઢ નેતૃત્વ વિના દેશી રજવાડાંઓનું એકીકરણ શક્ય ન હતું. તેમના અડગ સંકલ્પ અને દેશપ્રેમના કારણે જ આજે ભારત એક સંયુક્ત, મજબૂત અને અખંડ રાષ્ટ્ર તરીકે ઊભું છે. તેથી જ સરદાર પટેલને "ભારતના લોખંડી પુરુષ" તરીકે સન્માનપૂર્વક યાદ કરવામાં આવે છે. એવા દેશી રજવાડાંઓના એકીકરણમાં અનન્ય યોગદાન આપનાર અને ભારતના બિસ્માર્ક સરદાર વલ્લભભાઈ પટેલને આ ક્ષણે કોટી કોટી વંદન.

## સંદર્ભ સૂચિ


**1. ગાંધી રાજમોહન : સરદાર પટેલ એક સમર્પિત જીવન , નવજીવન પ્રકાશન અમદાવાદ -1990**

**2. દોશી યશવંત ; સરદાર પટેલનું જીવન ચરિત્ર , ભાગ -2 નવજીવન પ્રકાશન અમદાવાદ – 2002**

**3. પટેલ પ્રિયંકા : IJRSML VOL.9 ફેબ્રુઆરી - 2021**

**4. પાઠક રામનારાયણ : સ્વતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ ,અમદાવાદ**


SHABDBRAHM